# આવાહન... સ્તુતિ શ્લોકો

## ॥ ૧ ॥

અક્ષરધામના જે અહો અધિપતિ સહજાનંદ શ્રીહરિ,
સર્વાંતર્યામી સદા સકલના સર્વજ્ઞ સર્વોપરી;
માયા કાળ રવિ શશી સૂરગણે જેની શિરાજ્ઞા ધરી,
જે સાહેબસ્વરૂપમાં પ્રગટ છે વંદું ભાવ ઉર ભરી. ॥૧॥

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદજી, પુરુષોત્તમ શ્રીહરિ,
અક્ષર-પુરુષોત્તમ ઉપાસ્ય સ્વરૂપ શાશ્વત કૃપાએ કરી;
અક્ષર-પુરુષોત્તમ મનુજ કૃતિમાં સાકાર રૂપ ધરી,
જે સાહેબસ્વરૂપમાં પ્રગટ છે વંદું ભાવ ઉર ભરી. ॥૨॥

વંદન પ્રાગજી ભક્તને નમું સદા જાગાજી, કૃષ્ણજીને,
વંદન યજ્ઞપુરુષદાસ ગુરુજી યોગી મહારાજને;
અક્ષરપુરુષોત્તમ સ્વરૂપ સઘળાં સાકાર રૂપ ધરી,
જે સાહેબસ્વરૂપમાં પ્રગટ છે વંદું ભાવ ઉર ભરી. ॥૩॥

❁

## પ્રાર્થના સમાપન શ્લોક

અક્ષર છું હું દેહ નહીં આત્મા રૂપે ભક્તિ કરું સર્વદા,
પુરુષોત્તમ પ્રગટ જે ગુરુહરિ દાસ હું તેનો સદા;
છે સંબંધી પ્રભુ તણાં સર્વ જે નિર્દોષ દિવ્ય સદા,
યાચું સેવા ભક્તિ ભક્તો તણી ગુણ ગ્રહી સર્વદા.

❁